૬

સુગમ્ય ભારત એપ્લીકેશન પર અન્ય વિભાગોમાં રજીસ્ટર થતી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને સંબધિત ફરિયાદો માટે, અન્ય વિભાગ તરફથી ફરિયાદો સ્વીકારવા માટે નોડલ અધિકારી જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંક:અપગ/૧૦૨૦૧૫/૩૧૦૦૬૫/છ-૧(પાર્ટ-૨)
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 03/06/૨૦૨૧.

વંચાણે લીધા: (૧) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, ભારત સરકારનો તા.૧૦/૦૫/૨૦૨૧નો ઇ-મેઇલ.
(૨) પરનો Gujarat Informatics Ltd.(GIL)નો તા.૧૩/૦૫/૨૦૨૧નો પત્ર ક્રમાંક: GIL/GOG_website_disable/1106/SW/1717925

પ્રસ્તાવના:-

દિવ્યાંગો માટે સુગમ્ય વાતાવરણના નિમાર્ણ માટે મિશન મોડમાં કાર્ય થઇ શકે તે માટે જનભાગીદારી હેતુ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર દ્વારા "Sugamya Bharat APP" લોન્ચ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના ભારત સરકારના ઇ-મેઇલની સૂચના મુજબ, સુગમ્ય ભારત એપ પર થતી ફરિયાદોનો સંબધિત અધિકારી દ્વારા સ્વીકાર કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. ફરિયાદનો સ્વીકાર ન કરવો એ દિવ્યાંગોની સુગમ્યતાની જરૂરિયાત પ્રત્યે બિન-પ્રતિભાવનું વલણ દર્શાવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના પત્રથી GIL દ્વારા આ વિભાગની દિવ્યાંગ સંબધિત યોજનાઓ અંગેની ફરિયાદ તેમને મળતી હોઇ, ફરિયાદોના યોગ્ય નિવારણ માટે વિભાગ તરફથી નોડલ અધિકારી નિમણૂંક કરવા જણાવેલ છે.

પરિપત્ર:-

ભારત સરકાર દ્વારા તા.0૨/03/૨૦૨૧ના રોજ લોન્ચ કરવામાં આવેલ ક્રાઉડસોર્સીંગ મોબાઇલ એપ્લીકેશન "Sugamya Bharat APP" પર રાજ્યના અન્ય વિભાગોને, આ વિભાગના કાર્યક્ષેત્રમાં આવતી ફરિયાદો/રજૂઆતના સ્વીકાર કરવા માટે તથા ફરિયાદોના યોગ્ય નિવારણ માટે વિભાગ તરફથી નીચે મુજબના નોડલ અધિકારીની નિમણૂંક કરવામાં આવે છે.

(P.T.O.)

| નોડલ અધિકારીશ્રીનું નામ તથા હોદ્દો | સરનામું | ટેલિફોન નંબર, ફેકક્ષ નંબર |
|---|---|---|
| સુશ્રી એચ.એન વાળા નાયબ નિયામકશ્રી(અપગ) | નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, બ્લોક-નં-૧૬, ભોય તળિયે, ડૉ.જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર | કચેરી નં : ૦૭૯-૨૩૨ ૫૬૩૧૫<br>ઇ-મેઇલ: dd3-dsd@gujarat.gov.in |

સુગમ્ય ભારત અભિયાન અંતર્ગત જે તે વિભાગ હેઠળની ઇમારતો/વેબસાઈટ/ પરિવહનના સાધનો/ અન્ય સુવિધા માટે દિવ્યાંગો દ્વારા કરવામાં આવતી ફરિયાદો જે તે વિભાગ દ્વારા જ સ્વીકારવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,(સા.ન્યા.)ના અંગત મદદનીશ તરફ જાણ સારુ.
- ચીફ પ્રોજેક્ટ ઓફીસરશ્રી, ગુજરાત ઇન્ફો પેટ્રો લિમિટેડ, બ્લોક નં.૧૫/૨, ઉદ્યોગ ભવન, સેકટર-૧૧, ગાંધીનગર.
- દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સુ.શ્રી. એચ.એન.વાળા, નાયબ નિયામકશ્રી (અપગ), નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.. વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૧.